# નિયામક શાળાઓની કચેરી, બ્લોક નં-૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,

# સેકટર-૧૦, ગાંધીનગર

## મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના

## અંતર્ગત પ્રાથમિક મેરીટ યાદીમાં સમાવેશ થયેલ વિદ્યાર્થીઓના

## ઓનલાઈન રજીસ્ટ્રેશન માટેની જાહેરાત - ૨૦૨૩

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૦૭/૦૬/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/0079/CHH થી **મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના** અમલી કરેલ છે. જે અંતર્ગત ધોરણ ૧ થી ૮ સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં સળંગ અભ્યાસ કરેલ તેમજ **RTE Act, 2009** હેઠળ મફત શિક્ષણની જોગવાઈ અન્વયે સ્વ-નિર્ભર શાળાઓમાં અભ્યાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી ૨૫,૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓની પસંદગી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૧૧/૦૬/૨૦૨૩ના રોજ જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા લેવામાં આવેલ. તારીખ ૧૧/૦૬/૨૦૨૩ના રોજ લીધેલ જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષાની તા. ૨૩/૦૬/૨૦૨૩ના રોજ કુલ-૨૮,૦૪૧ વિદ્યાર્થીઓની પ્રથમ મેરીટ યાદી જાહેર કરવામાં આવેલ છે. **આ યાદીમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓને તા. ૦૭/૦૮/૨૦૨૩ના રોજ બપોરે ૧૪.૦૦ કલાકથી તા. ૧૪/૦૮/૨૦૨૩ ના રોજ રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી વેબસાઈટ** **http//gssyguj.in** **પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી આનુષાંગિક આધાર-પુરાવા અપલોડ કરવા જણાવવામાં આવે છે.** રજીસ્ટ્રેશન માટેની વિગતવાર સૂચનાઓ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. તેમજ સંબંધિત વિગતોથી માહિતગાર રહેવા સમયાંતરે આ જ વેબસાઈટ જોતા રહેવાનું રહેશે.

તા. ૦૫/૦૮/૨૦૨૩

Sd/-

નિયામક,

નિયામક શાળાઓની કચેરી,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

Scanned with OKEN Scanner